| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૧૮–૦૩–૨૦૨૪ | | |
| દાખલ તારીખ: | ૧૮–૦૩–૨૦૨૪ | | |
| ફેસલ તારીખ : | ૨૭–૦૪–૨૦૨૬ | | |
| સમયમર્યાદા: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૧ | ૦૯ |

**જામનગરના સ્પેશ્યલ જજ તેમજ ચોથા સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ**

**સ્પેશ્યલ ઈલેકટ્રીકસીટી કેસ નં. ૮૧/૨૦૨૪**

**આંક:– ૩૯**

ફરીયાદી: શ્રી ગુજરાત સરકાર,

(જામનગર જીયુવીએનએલ પો.સ્ટે સેકન્ડ ગુના નં. ૨૦૫૮/૨૦૨૩)

**વિરૂધ્ધ**

આરોપી:– આસીફભાઈ સુલેમાનભાઈ દોદાઈ
ઉ.વ. ૩૪, ધંધો: ખેતી
રે. છતરગામ, કુંભારફળી, તા. કાલાવડ
જી. જામનગર.

ગુન્હો: ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ

..............................................................
સરકાર તરફે: વિ. એ.ડી.પી.શ્રી પી.જે. પરમાર
આરોપી તરફે: વિ.વ.શ્રી એમ.ઓ. ઈશાની
.....................................................................

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા. ૦૨–૦૬–૨૦૨૩ ના રોજ કલાક ૦૭:૧૫ વાગ્યે છતર ગામે આરોપીએ રહેણાંક મકાને વીજમીટર ન હોય ઘરની નજીકથી પસાર થતી હળવા દબાણની વીજ લાઇનમાં પ્રાઈવેટ સર્વીસ વાયર જોડી

ઘરમાં લઈ, ઘરના વીજ ઉપકરણો સાથે જોડી વીજ વપરાશ કરી, રૂા. ૧,૨૨,૩૮૭.૫૩ પૈસાની વીજચોરી કરી પકડાઇ જતા, આરોપી સામે, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામા આવેલો. જે ગુનો જામનગર જી. યુ. વી. એન. એલ. સેકન્ડ ગુના રજી નં ૨૦૫૮/૨૦૨૩ થી નોંધવામા આવેલ.

(૨) સદર ગુનો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા સદર ગુનાની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા સક્ષમ અદાલત સમક્ષ નં. ૯૨/૨૦૨૪ થી ચાર્જશીટ રજુ કરવામા આવતા, સદર ચાર્જશીટને ફોજદારી કેસ નં. ૪૮૭/૨૦૨૪ વિધ્વાન એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટેટ,ફસ્ટ કલાસ કાલાવડ, કોર્ટ દવારા આપવામાં આવેલ.

(૩) હાલના ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની હકુમત હોય જેથી વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ઼ેસ્ટ કલાસ, કાલાવડ દવારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટ ને તા. ૧૮/૦૩/૨૦૨૪ના હુકમથી ટ્રાન્સમીટ કરવામા આવેલ હતો અને ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ સ્પેશ્યલ ઈલેકટ્રીક કેસ નં ૮૧/૨૦૨૪ થી નોંધવામા આવેલ.

(૪) આરોપી સામે અત્રેની સ્પેશયલ અદાલત દવારા આંક–૦૪ થી ત્હોમતનામુ ફરમાવવા આવેલ છે અને આંક–૦૫ થી પ્લી નોંધતા તેમા આરોપી દવારા તેઓને ગુનો કબુલ નથી તે મુજબની રજુઆત કરતા, આરોપી સામેનો કેસ આ અદાલત દવારા આગળ ચલાવવામા આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**મૌખિક પુરાવા:**

| ક્રમ નંબર | વિગત | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | ઈશાભાઈમામદભાઈ | ૦૭ |
| ૨. | પંચ સાહેદ | અલીભાઈ મામદભાઈ | ૦૯ |
| ૩. | નાયબ ઈજનેર | દિનેશભાઈ ગોરધનભાઈ | ૧૨ |
| ૪. | ઈલે. આસીસટન્ટ | રાકેશ કુમાર જીવનલાલ | ૧૬ |
| ૫. | નાયબઈજનેર | દિલીપભાઈ હરસુખભાઈ | ૧૮ |
| ૬. | સાહેદ | અબ્દુલ નુરુદીન મલેક | ૨૬ |
| ૭. | ત.ક.અ | જયદીપસિંહ દિલીપસિંહ | ૨૯ |

**દસ્તાવેજી પુરાવો:**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનુ પંચનામુ | ૦૮ |
| ૨. | ચેકીંગશીટ, સ્થળ રોજકામ, તથા એનેક્ષર–૪ | ૧૩થી૧૫ |
| ૩. | અસલ ફરીયાદ | ૧૯ |
| ૪. | કેલ્કયુલેશન શીટ | ૨૦ |
| ૫. | વીજચોરીનુ અસલ બીલ | ૨૧ |
| ૬. | વીજચોરીના બીલનો ફોરવર્ડીંગ પત્ર | ૨૨ |
| ૭. | કમ્પાઉન્ડીંગ ચાર્ઝ અંગેનુ બીલ | ૨૩ |
| ૮. | ડેલીગેશન ઓફ પાવરનો સરકયુલર | ૨૪ |
| ૯. | ફોટોગ્રાફીનુ પ્રમાણપત્ર | ૨૫ |
| ૧૦. | આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, રાશનકાર્ડ, સોગંદનામુ | ૩૦ થી ૩૩ |
| ૧૧. | એફ.આઈ.આર અને તપાસ ડેપ્યુટનો હુકમ | ૩૪,૩૫ |
| ૧૨. | મુદામાલ જરુર પડયે કોર્ટમા રજુ કરવાની યાદી | ૩૬ |
| ૧૩. | આરોપીને આપેલ નોટીસ | ૩૭ |
| ૧૪ | કલોઝીંગ પુરસીસ | ૩૮ |

(૬) ત્યારબાદ આરોપીનુ વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર

કોડની કલમ–૩૧૩ અન્વયે નોંધવામાં આવેલુ. જેમા તેઓએ રજુઆત કરેલ છે કે, '' અમારા પર ખોટો કેસ કરેલ છે, અમો નિર્દોષ છીએ" તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર જુબાની આપવી નથી તેવુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે પક્ષકારના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૭) આ કામે વિ. એ.પી.પી.શ્રી પી.જે.પરમાર દવારા મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવો રજુ કરીપોતાન કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.ઓ.ઈશાની દવારા દલીલ કરતા જણાવે છે કે ઉપરોકત દલીલના વિરુધ્ધમા ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધેપુરાવા રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય, આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં, નીચે મુજબના મુદાઓના નિર્ણય કરવાના રહે છે:

**– :: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ગઈ તા. ૦૨–૦૬–૨૦૨૩ ના રોજ કલાક ૦૭:૧૫ વાગ્યે છતર ગામે પોતાના રહેણાંક મકાને વીજમીટર ન હોય ઘરની નજીકથી પસાર થતી

હળવા દબાણની વીજ લાઇનમાં પ્રાઈવેટ સર્વીસ વાયર જોડી ઘરમાં લઈ, ઘરના વીજ ઉપકરણો સાથે જોડી વીજ વપરાશ કરી, રૂા. ૧,૨૨,૩૮૭.૫૩ પૈસાની વીજચોરી કરી ચેકીંગ દરમ્યાન પકડાઇ જતા, ઈલેકટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

**મુદા નં. ૧ અને ૨ ની ચર્ચા :**

(૯) આ કામે ફરીયાદ પક્ષે નાયબ ઈજનેર દિનેશભાઈ ગોરઘનભાઈ સોનગરા નાઓને આંક–૧૨ થી તપાસેલા છે. તેઓ પોતાની ઉલટતપાસમા જણાવે છે કે, ચેકીંગમા જતા પહેલા કોઈ ઉપરી અધિકારીની મંજુરી લીધેલ નથી. પરંતુ સ્વેચ્છાએ જણાવેલ છે કે, અમોએ મૌખિક સુચનાથી કાર્યવાહી કરેલી. આ સંદર્ભમા, ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ– ૧૩૫ (૨) ધ્યાને લેવામાં આવે તે માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે સદરહુ સાહેદનાઓને ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી આ કામે સદરહુ સાહેદ દવારા કરવામા આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન અધિકૃત બને છે. વધુમા સદરહુ સાહેદ સ્વીકાર કરે છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમાં સ્થળ રોજકામ કરેલ નહી તેવુ

જણાય આવે છે. આમ, આ કામે સદરહુ સાહેદે ચેકીંગ અને ઇન્સપેકશનની કાર્યવાહી કોઇ સ્વતંત્ર સાહેદની હાજરીમા કરેલ નથી. જેથી ઇલેકટ્રીક સીટી એકટની કલમ–૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી  સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઇનુ પાલન થયેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમા સદર સાહેદે સ્વીકાર કરેલ છે કે, અમોએ કબજે કરેલ મુદામાલ પોલીસને સોપેલ નથી.  આ કામે તપાસ કરનાર અમલદાર જયદીપસિંહ દિલીપસિંહ પરમાર  નાઓએ પણ સ્વીકાર કરેલ છે કે, મે મારી તપાસ દરમ્યાન કોઇ મુદામાલ કબજે કરેલ નથી. આમ, આ કામે બનાવમા કહેવાતો મુદામાલ વાયરનો વપરાશ થયેલ છે કે, કેમ તે બાબતે પણ ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉદભવે છે.

(૧૦) અગાઉ ઉલ્લેખ થયેલ છે આ કામે આંક–૧૨ થી દિનેશભાઇ ગોરધનભાઇ સોનગરા નાયબ  ઇજનેર નાઓએ સ્વીકારેલ છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ નહી. State of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil  2023 (0) AIJEL-HC 244923  ના ચુકાદામા નામદાર ગુજરાત હાઇકોર્ટ દાવરા ઠરાવવામા આવેલ છે કે, જયારે વીજ કંપની દવારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામા આવે અને ચેકીંગ હાથ ધરવામા આવે, ત્યારે મીટર અને વાયરની સ્થિતિ શુ છે અને આરોપી દવારા કેવી રીતે વીજની ચોરી કરવામા આવેલી તે અંગેની સ્પષ્ટતા થવા પંચનામુ થવુ જરુરી છે. આ કામે જે પંચનામુ થયેલુ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર

અને વાયરનુ કોઇ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદ પક્ષના કેસમા શંકા ઉદભવે છે.

(૧૧) વધુમા, સદર સાહેદ સ્વીકાર કરે છે કે, અમોએ ચેકીંગવાળા સ્થળેથી આરોપીની જગ્યાની કોઇ માલીકી બાબતેના રેવન્યુ રેકર્ડ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદી દિલીપભાઇ હરસુખભાઇ ભેડાનાઓએ પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલિકી સંબધે કોઇ પુરાવા આ કામે રજુ કરેલ નથી. આ કામે સાહેદ રાકેશકુમાર જીવનલાલ મકવાણા તથા દિનેશભાઇ ગોરધનભાઇ સોનગરા નાઓએ પોતાની જુબાનીમાં બનાવવાળી જગ્યા કાલાવડ વેસ્ટ સબ ડીવીઝન હેઠળ આવતા વિસ્તાર છતર ગામે આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આમ, ફરીયાદ પક્ષના સાહેદોએ બનાવવાળી જગ્યાનુ વિગતવારનુ કોઇ સરનામુ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં આ સંર્દભમા તપાસ કરનાર અમલદાર જયદીપસિંહ દિલીપસિંહ પરમાર નાઓએ આંક-૩૦ થી આંક-૩૩ સુધી આરોપીના આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ, રાશનકાર્ડ, તથા સોગંદનામાની નકલ રજુ રાખેલ છે. જેના આધારે ફરીયાદ પક્ષ બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામા છે તે પુરવાર કરવા પ્રયાસ કરેલ છે. સદર દસ્તાવેજો વંચાણે લેતાં, તેમા આંક-૩૦ ના આધારકાર્ડમા આરોપીનુ સરનામુ છતર ગામ ગુજરાત લખેલુ છે. આંક-૩૧ ના ચુંટણીકાર્ડમાં સરનામુ ૧૨ કુંભાર તડા, મલેક ફળી, છતર-૧ તા. કાલાવડ, જી. જામનગર લખેલુ છે, આંક-૩૨ ના રાશનકાર્ડમાં સરનામુ છતરગામ, તા. કાલાવડ જી. જામનગર લખેલુ છે. આમ, આ દસ્તાવેજમા પણ આરોપીનુ કોઇ વિગતવારનુ સરનામુ જણાવેલ નથી. વધુમાં આંક-૩૩ થી સોગંદનામુ રજુ છે જે પુરાવામાં

ગ્રાહય રાખી શકાય નહી. વધુમા, આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ ધ્યાને લેતા તેમા બનાવવાળી જગ્યા કાલાવડ તાલુકાના છતર ગામ કુંભાર તથા મલેક પાળામાં આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આમ, બનાવવાળી જગ્યાનુ પંચનામા આરોપીનુ વિગતવારનુ સરનામુ જણાવેલ છે પરંતુ તે મુજબનુ સરનામુ ફરીયાદ પક્ષના સાહેદોએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જેથી તેનાથી પણ ફરીયાદ પક્ષને કોઇ મદદ મળી શકે તેમ નથી. વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે સ્વતંત્ર સાહેદ અબ્દુલ નુરુદીન મલેકને આંક-૨૬ થી તપાસેલા છે. પરંતુ તેઓ ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ રીતે બનાવવાળી જગ્યા આરોપીના સતત કબજા ભોગવટામાં હતી તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખવા સફળ થયેલા નથી. વધુમાં, આ કામે કહેવાતો બનાવ તા. ૦૨-૦૬- ૨૦૨૩ ના રોજ બનેલ છે જયારે બનાવવાળી જગ્યાનુ પંચનામુ ૨૯-૦૨-૨૦૨૪ ના રોજ થયેલ છે. તે રીતે કહેવાતો બનાવ તા. ૦૨-૦૬-૨૦૨૩ ના રોજ બનેલ છે જયારે આ કામે ચાર્જશીટ ૨૦૨૪ મા કરવામાં આવેલ છે જે અંગે ફરીયાદ પક્ષે સદરહુ કામે ચાર્જશીટ કરવામાં વિલંબના કોઇ કારણો જણાવેલા નથી. વધુમાં, બનાવવાળી જગ્યાનુ પંચનામુ ચેકીંગ અધિકારી કે સ્ટાફની હાજરીમાં થયેલો હોય તેમ જણાતુ નથી પરંતુ આરોપીની હાજરીમાં થયેલ હોવાનુ જણાય છે વધુમાં, આ કામના પંચ સાહેદ ઇશાભાઇ મામદભાઇ વીરપરીયા તથા અલીભાઇ આમદભાઇ વીરપરીયા નાઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની હાજરીમાં થયેલ છે તેવો કોઇ પુરાવો આપેલ નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ નથી કે

બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામા હતી.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવા સફળ થયેલ ન હોય મુદા નં ૧ નો જવાબ નકારમા આપી, મુદા નં ૨ ના જવાબમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ ::-**

૧) આ કામના આરોપી આસીફભાઈ સુલેમાનભાઈ દોદાઈ, રે. છતર ગામ, તા. કાલાવડ, જિ. જામનગર નાઓને ઈલેકટ્રીકસીટી એકટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭-એ મુજબના રૂા. ૧૦,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા છ માસના રજુ કરવા.

આ હુકમ આજરોજ તા. ૨૭ મી માહે, એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર (શામનાથ ચંદ્રમોહોન વેમુલા)

તા.૨૭/૦૪/૨૦૨૬ ચોથા સ્પેશ્યલ જજ અને સેશન્સ જજ,

ટી.એ.દવે જામનગર કોડ નં. જી.જે. ૦૦૮૧૮